ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43
26300126

# ગુજરાત યુનિવર્સિટી

**GUJARAT UNIVERSITY**

www.gujaratuniversity.org.in

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બોક્સ નં ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯

Office of the Gujarat University,
Post Box No 4010,
Navarangpura, Ahmedabad - 380 009

નં.સ્કોલરશીપ સેલ/ 16897 /૨૦૨૫ તા. ૦૭/03/૨૦૨૫

પ્રતિ,

૧. યુનિવર્સિટીના ભવનોના ડાયરેક્ટરશ્રીઓ...

૨. યુનિવર્સિટીના વિભાગોના વડાશ્રીઓ...

વિષયઃ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓએ માટેની પોસ્ટમેટ્રિક શિષ્યવૃતિની યોજનાના વર્ષ ૨૦૨૩-૨૪ના વિદ્યાર્થીઓની બાકી અરજી મેળવવા બાબત.

સંદર્ભઃ નં. મક/આવિ/શિક્ષણ/૨૦૨૪-૨૫/૫૫૭ મદદનીશ કમિશનરશ્રી (આ.વિ.) ની કચેરી, એ બ્લોક, છઠો માળ, બહુમાળી મકાન, લાલ દરવાજા, અમદાવાદ તા.03-03-૨૦૨૫ ના મળ્યા તા.0૬-03-૨૦૨૫ વોટસએપ ગ્રુપ ના મળેલ પત્ર મુજબ.

માનનીય સાહેબશ્રી,

ઉપરોકત વિષય અને સંદર્ભ અનુસાર અનુજનજાતિના વિદ્યાર્થીઓની શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ના આપના વિભાગોના વિદ્યાર્થીઓની ફોર્મ ભરવાનું બાકી રહેલ અરજીની વિગતો સ્કોલરશીપ સેલ, ગુજરાત યુનિવર્સિટી ને તેમજ મદદનીશ કમિશનરશ્રી (આ.વિ.) ની કચેરી, એ બ્લોક, છઠો માળ, બહુમાળી મકાન, લાલ દરવાજા, અમદાવાદ દિન-03માં તમામ અસલ પ્રમાણપત્રો સાથે તેમજ ક્યાં કારણોસર અરજી કરવાનું રહી ગયેલ છે તેની વિગતવાર માહિતી આપવાનું રહેશે. જેથી બાકી રહેલ વિદ્યાર્થી શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માં અરજીઓ ભરી શકે જેની નોંધ લેવા વિનંતી.

આભાર,

નોડલ ઓફીસર
(સ્કોલરશીપ સેલ)

બિડાણ :- ઉપર મુજબ

(નોંધ : ગુજરાત યુનિવર્સિટીના સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તેમજ માન્ય સંસ્થાઓનાં વડાશ્રીઓને આ પત્ર અનુસાર જાણ સારું.)

નં.મક/આવિ/શિક્ષણ/૨૦૨૪-૨૫/ ૫૫૭
મદદનીશ કમિશ્નરશ્રી (આ.વિ.) ની કચેરી
એ બ્લોક, છઠ્ઠો માળ, બહુમાળી મકાન
લાલ દરવાજા, અમદાવાદ
તા. 03/03 /૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,
..........................................................
..........................................................
..........................................................
..........................................................

વિષય: ડીજીટલ ગુજરાત પોર્ટલ પર અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓએ માટેની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિની યોજનાના વર્ષ ૨૦૨૩-૨૪ના વિદ્યાર્થીઓની બાકી અરજી મેળવવા બાબત.
સંદર્ભ : માન.કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, ગાંધીનગર ના તા.૨૭/૦૨/૨૦૨૫ના પત્ર ક્રમાંક આ.વિ/શિક્ષણ/ફા.નં ૧૨૮૨ (ભા-૨)/૨૦૨૪-૨૫/૧૯૯ થી ૨૧૯.

જય ભારત સહ ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, સંદર્ભદર્શીત પત્રથી શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માં ડીજીટલ ગુજરાત પોર્ટલ પર શિષ્યવૃત્તિના ફોર્મ ભરવા માટે બાકી રહેલ અનુ.જનજાતિના વિદ્યાર્થીઓ માટે ડીજીટલ ગુજરાત પોર્ટલ પ્રથમ વાર તા.૦૬-૦૭/03/૨૦૨૫, બીજી વાર તા.૨૦-૨૧/03/૨૦૨૫ તથા ત્રીજી વાર તા.૨૭-૨૮/03/૨૦૨૫ ના રોજ ફરીથી રી-ઓપન કરવામાં આવનાર છે. ઓનલાઇન અરજી કરવા માટે પોર્ટલ માત્ર GSWAN પર ખોલવામાં આવશે. જેથી શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માં ડીજીટલ ગુજરાત પોર્ટલ પર શિષ્યવૃત્તિના ફોર્મ ભરવા માટે બાકી રહેલ અને પાત્રતા ધરાવતા અનુ.જનજાતિના વિદ્યાર્થીઓની કયા કારણોસર અરજી કરવાની બાકી રહેલ તેની ખાત્રી કરી યોગ્ય કારણ જણાયે જીલ્લા કચેરી ખાતે નિયત કરેલ સ્થળ પર વિદ્યાર્થીઓને ફોર્મ ભરવા ના રહેશે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં શિષ્યવૃત્તિના ફોર્મ ભરવાના બાકી રહેલ વિદ્યાર્થીઓએ ફરજીયાત રૂબરૂ કચેરી ખાતે તમામ અસલ પ્રમાણપત્રો સાથે હાજર રહી ફોર્મ ભરવાનું રહેશે. વધુમાં કયા કારણોસર અરજી કરવાનું રહી ગયેલ છે તેની પણ સંસ્થા દ્વારા વિદ્યાર્થીવાર કારણો સહીતની વિગતો આપવાની રહેશે.

તા __/03/૨૦૨૫ના રોજ આપની સંસ્થાના પ્રતિનિધી તથા શિષ્યવૃત્તિના ફોર્મ ભરવાના બાકી રહેલ વિદ્યાર્થીઓએ તમામ વિગતો/આધાર પુરાવાઓ તથા અરજી બાકી રહેવાના કારણો સહ કચેરીએ હાજર રહી ઓનલાઇન અરજી કરવા માટેની કામગીરી કરવાની રહેશે જેની જાણ બાકી રહેલ વિદ્યાર્થીઓને કરવા વિનંતી.

મદદનીશ કમિશ્નર
આદિજાતિ વિકાસ
અમદાવાદ